# Shri M. P. Shah Arts & Science College, Surendranagar

**Accredited Grade B+ by NAAC**

Established in 1956

Run by Education Department, Government of Gujarat & affiliated with Saurashtra University, Rajkot

Website: www.mpsasc.edu.in

# F. Y. B.Sc. Online Admission

## Information Booklet

## Academic Year 2020-21




For Online Admission: Visit www.mpsasc.edu.in ⟹ Student Portal ⟹ Online Admission ⟹ B.Sc. Sem-1 Admission Form



# From the Desk of Principal

ડૉ. હિમ્મત ભાલોડિયા,
આચાર્ય, ગુ.શિ.સે. વર્ગ-1

શ્રી એમ.પી.શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર એ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ સાથે જોડાણ ધરાવતી જીલ્લાની એકમાત્ર મોટી સરકારી કોલેજ છે. આ કોલેજમાં આર્ટસ વિભાગમાં 9 વિષયો અને સાયન્સ વિભાગમાં 4 વિષયોમાં દર વર્ષે લગભગ 2300 ની આસપાસ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

કોલેજમાં ઉચ્ચ લાયકાત ધરાવતા અને વિષય નિષ્ણાત વિદ્વાન અધ્યાપકો છે, તો કાર્યક્ષમ વહીવટી સ્ટાફ, લેબ. આસિસ્ટન્ટ, ગેસ મિકેનિક, લાઈબ્રેરીયન, સિક્યુરિટી સ્ટાફ અને સફાઈ કામદારો જેવા કાર્યકુશળ વ્યક્તિઓ પણ છે.

દર વર્ષે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષામાં આ કોલેજનું સરેરાશ 90% ઉપર પરિણામ આવે છે. મેરીટના આધારે જ પ્રવેશ અપાતો હોવાથી ઉચ્ચ ટકાવારી ધરાવતા હોંશિયાર વિદ્યાર્થીઓ જ પ્રવેશપાત્ર બને છે કોલેજમાં શિસ્ત અને સમયપાલનનો ખુબ જ આગ્રહ રાખવામાં આવે છે. સરકારી સંસ્થા હોવાથી અશિસ્ત કરનાર અને અસામાજિક તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓની કોલેજ કેમ્પસ ખાતે સુરક્ષા જળવાય તે માટે વુમન ડેવલપમેન્ટ સેલ કાર્યરત છે.

કોલેજમાં નિયમિત સમયપત્રક મુજબ શૈક્ષણિક કાર્ય અને પ્રેક્ટીકલ કરાવવામાં આવે છે નિયત સમયમર્યાદામાં કોલેજની આંતરિક કસોટીઓ અને યુનિવર્સિટીની પરીક્ષાઓ લેવામાં આવે છે. એસ.સી, એસ.ટી,ઓ.બી.સી. વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમ મુજબ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે પ્રથમ વર્ષ બી.એ. અને બી.એસસી.મા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને સરકારશ્રીની યોજના મુજબ દર વર્ષે ટેબલેટ વિતરણ કરવામાં આવે છે.

કોલેજ પાસે બાહ્ય સુવિધાઓમાં પોતાનું અદ્યતન બિલ્ડીંગ, વિશાળ મેદાન, ગાર્ડન, કેન્ટીન, સ્ટેશનરી શોપ, પોસ્ટ ઓફીસ અને પાર્કિંગ પ્લોટ છે, તો આંતરિક સુવિધાઓમાં કેમેસ્ટ્રી ફીઝીક્સ અને બાયોલોજીની લેબોરેટરીઓ અને સ્ટોરરૂમ, લેબોરેટરીની અદ્યતન સાધનસામગ્રી, કોમ્પ્યુટર લેબ, ઈંગ્લીશ લેન્ગવેજ લેબ, સીસીટીવી સુવિધા, બીગ ગ્રીન બોર્ડ અને વ્હાઈટ બોર્ડ, દરેક લેબમાં કોમ્પ્યુટર બેઇઝ્ડ પ્રોજેક્ટર, ચાર સ્માર્ટ ક્લાસરૂમ, ઈન્ટરેકટીવ બોર્ડ, સ્માર્ટ ઈન્ટરેકટીવ ટીવી સેટ, ગર્લ્સ રૂમ, સેનિટેશન વેન્ડિંગ મશીન અને ક્રશર મશીન, અદ્યતન લાઈબ્રેરી, મોટા કલાસરૂમો, ગર્લ્સરૂમ, સ્ટાફરૂમો, વહીવટી કાર્યાલય, તેમજ અન્ય પ્રવૃતિઓના રૂમો જેવી તમામ ભૌતિક સુવિધાઓ કોલેજમાં ઉપલબ્ધ છે. કોલેજમાં ઓનલાઈન એડમીશન, ઓનલાઈન ફી, એસ.એમ.એસ. સીસ્ટમ, ઓનલાઈન કલાસીસ અને પરીક્ષા, ગુગલ કલાસરૂમ વગેરે ડીજીટલ ફેસીલીટી ઉપલબ્ધ છે.

કોલેજ ખાતે સમગ્ર વર્ષ દરમ્યાન એન.એસ.એસ., એન.સી.સી., સાંસ્કૃતિક પ્રવૃતિઓ, રમત-ગમતની પ્રવૃતિઓ, જોબ પ્લેસમેન્ટ ફેર, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન, વાલી-અધ્યાપક મિલન, વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ, ફીનીશીંગ સ્કુલ, વોકેશનલ કોર્સ, સ્પર્ધાત્મક પરીક્ષાનું માર્ગદર્શન અને તૈયારી, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેટીવ પ્રોગ્રામ, વિદ્વાન વક્તાઓના વ્યાખ્યાનો, શૈક્ષણિક પ્રોજેક્ટ એક્ટીવીટીઝ અને ટુર, સેમીનાર વગેરે પ્રવૃતિઓ કરવામાં આવે છે

શ્રેષ્ઠ શૈક્ષણિક કાર્ય અને ઉત્તમ આંતરિક સુવિધાઓ ધરાવતી કોલેજ હોવાથી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા NAAC (NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL) દ્વારા કોલેજને B+ ગ્રેડ આપવામાં આવ્યો છે.

# અગત્યનું સમય પત્રક (Important Dates)

| વિગત | શરૂ થવાની તારીખ | બંધ થવાની તારીખ |
|---|---|---|
| ઓનલાઇન ફોર્મ ભરવાની તારીખ | 10/06/2020 | 23/06/2020 |
| ઓનલાઇન આવેલ તમામ અરજીઓનું લિસ્ટ પ્રસિદ્ધ થવાની તારીખ | 25/06/2020 | 27/06/2020 |
| પ્રથમ મેરીટ લિસ્ટ પ્રસિદ્ધ થવાની તારીખ | 30/06/2020 | -- |

## નોંધ-

1. ઓનલાઈન ફોર્મ 23/06/2020 પછી કોઈપણ સંજોગોમાં ભરી શકાશે નહિ.
2. ઓનલાઇન અરજી કરવા છતાં પ્રથમ લીસ્ટમાં (પ્રવેશ માટે આવેલ તમામ અરજીનું લીસ્ટ જે મેરીટ લીસ્ટ નથી.) જેનું નામ આવેલ નાં હોય તેઓએ તારીખ 27/06/2020 સુધીમાં અરજી કર્યાનાં જરૂરી આધારો સાથે સવારે 11.00 થી બપોરે 01.00 સુધીમાં રૂબરૂ આવવાનું રહેશે.
3. અનિવાર્ય સંજોગોમાં જ તારીખમાં ફેરફાર કરવામાં આવશે. આથી કોલેજની વેબસાઇટ નિયમીત જોવાનું રાખશો.
4. મેરીટલીસ્ટ પ્રસિદ્ધ થવાનો વિગતવાર કાર્યક્રમ કોલેજની વેબસાઇટ પર મુકવામાં આવશે.
5. મેરીટલીસ્ટમાં સમાવેશ થવા છતાં જે વિધાર્થી નિયત સમયમર્યાદામાં એનરોલમેન્ટ અને નિયત ફી નહી ભરે એનો પ્રવેશ રદ ગણાશે.
6. મેરીટલીસ્ટમાં નામ આવેલ હોય તેવા જ વિધાર્થીઓએ એનરોલ્મેંટ ફોર્મ અને જરૂરી આધારો નિયત કરેલ તારીખ અને સમય અનુસાર ચેક કરાવીને કાર્યાલય (ઓફીસ) માં ફી ભરવી.
7. ફી ભાઈઓ માટે રૂ.1200/- અને બહેનો માટે રૂ.600/-

# ઓનલાઇન એડમિશન પ્રક્રિયાની વિગતવાર માહિતી

**1. પ્રથમ તબક્કો: (ઓનલાઇન ફોર્મ ભરવું)**

- એડમીશન ફોર્મ ભરતા પહેલા ઓનલાઈન એડમિશન પ્રક્રિયાની માહિતી ચોકસાઇ પૂર્વક વાંચવી.
- ફોર્મ ભરતી વખતે માગેલ માહિતી સાચી અને ચોક્કસ ભરાય તેની ખાસ કાળજી રાખવી.
- ભરેલ ફોર્મની પ્રિંટ લઇ રાખવી.

2. **બીજો તબક્કો: (જનરલ લિસ્ટમાં પોતાનું નામ ચકાસવું)**

- ઓનલાઈન આવેલ તમામ અરજીનું લીસ્ટ અત્રેની કોલેજની વેબસાઈટ પર તારીખ-25/06/2020 ના રોજ ઓનલાઈન મુકવામાં આવશે તેમજ નોટીસબોર્ડ પર પણ મુકવામાં આવશે.(આવેલ તમામ અરજીનું લીસ્ટ સમજવું, મેરીટ લીસ્ટ ન સમજવું.)
- ઓનલાઈન અરજી કરવા છતાં પ્રથમ લીસ્ટમાં (પ્રવેશ માટે આવેલ તમામ અરજીનું લીસ્ટ, જે મેરીટ લીસ્ટ નથી.) જેનું નામ આવેલ ન હોય તો તારીખ 27/06/2020 સુધીમાં અરજી કર્યાના જરૂરી આધારો સાથે સમય સવારે 11.00 થી બપોરે 01.00 સુધીમાં રૂબરૂ આવવાનું રહેશે.

**3. ત્રીજો તબક્કો: (ડોક્યુમેન્ટ વેરીફીકેશન)**

- જે પ્રવેશાર્થીનું મેરિટ લિસ્ટમાં નામ આવે તેમણે નિયત સમયમાં પ્રવેશ ફોર્મમાં દર્શાવેલ નિયમો મુજબ જરુરી ડોક્યુમેંટ્સ સ્વપ્રમાણિત કરીને ક્રમ પ્રમાણે ગોઠવીને કોલેજમાં ચકાસણીના હેતુથી જમા કરાવવાના રહેશે અને તેની સાથે ધોરણ-૧૨ ની અસલ માર્કશીટ એનરોલમેંન્ટ માટે જમા કરાવાની રહેશે.

**4. ચોથો તબક્કો: (એડમીશન ફી ભરવી)**

- ડોક્યુમેંટ્સ ચકાસણી બાદ નિયત કરેલ ફી કોલેજ ઓફીસમાં જમા કરાવવાની રહેશે. સમય મર્યાદા વીતી ગયા બાદ કોઈપણ સંજોગોમાં એડમિશન ફી ભરી શકાશે નહી.
- એકવાર ફી ભરી દીધા બાદ કોઇપણ સંજોગોમાં ફીપરત કરવામાં આવશે નહી.

# મેરીટમાં આવ્યા બાદ પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઓનલાઈન ફોર્મની પ્રિન્ટઆઉટ સાથે જોડવાની જરૂરી ઝેરોક્ષ નકલો.(સ્વપ્રમાણીત)

1. એનરોલમેન્ટ ફોર્મ
2. ૩ પાસપોર્ટ સાઈઝના ફોટા.
3. સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ.
4. ધોરણ-12 ની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ, તમામ.
5. ધોરણ-12 ની ટ્રાયલ સર્ટીફીકેટની નકલ.
6. સક્ષમ અધિકારીનું જાતિ અંગેનાં સર્ટીફીકેટના પ્રમાણપત્રની નકલ.(લાગુ પડતા તમામ કેટેગરી માટે)
7. સક્ષમ અધિકારીનું નોન-ક્રિમીલીયેર સર્ટીફીકેટની નકલ.
   (માત્ર ઓ.બી.સી. વિદ્યાર્થીઓ માટે, જો આ પ્રમાણપત્ર માટે અરજી કરેલ હોય અને પ્રમાણપત્ર આવેલ ન હોય તેવા સંજોગોમાં તેની પહોંચ રજુ કરવાની રહેશે અને જયારે પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવે ત્યારે તેની સ્વપ્રમાંણીત નકલ જમા કરવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે).
   (નોંધ :- જે પ્રમાણપત્રની અવધી ૩ વર્ષની પૂર્ણ થયેલ હોય તે પ્રમાણપત્ર અમાન્ય રહેશે તારીખ – 01/04/2017 કે ત્યારબાદનું જ માન્ય રહેશે.)
8. EWS કેટેગરીના વિદ્યાર્થીઓએ પણ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
9. જો શારીરિક ખોડ-ખાંપણ હોય તો સક્ષમ અધિકારીનું તે અંગેનાં પ્રમાણપત્રની નકલ(40% કે તેથી વધુ )
10. ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડ જેવા કે CBSE, કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલયમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કામચલાઉ એલીજીબીલીટી પ્રમાણપત્ર પ્રવેશ ફોર્મ સાથે જોડાવાનું રહેશે, ત્યારબાદ એક મહિનામાં ફાઈનલ એલીજીબીલીટી પ્રમાણપત્ર આપવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ થશે.
11. આધારકાર્ડની સ્વપ્રમાંણીત નકલ.
12. જે વિદ્યાર્થીઓ માર્ચ-2020 પહેલા ધોરણ-12 પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ સોગંદનામું રજુ કરવાનું રહેશે અને એ સમયગાળા દરમિયાન શું પ્રવૃત્તિ કરેલ છે તે તેમાં જણાવનાનું રહેશે.
13. વિશેષ રમતગમત/સંસ્કૃતિક અંગેના રાજ્ય કે નેશનલ લેવલના પ્રમાણપત્રોની નકલ. જો હોય તો.

# પ્રવેશનાં નિયમો

1. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ સીટોનાં પ્રમાણમાં મેરીટ લિસ્ટ તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.
2. મેરીટ લિસ્ટ સરકારશ્રીનાં નિયમ અનુસાર જે તે કેટેગરીવાઇઝ તૈયાર કરવામાં આવશે.
3. અનામત જૂથોની પ્રવેશ અંગે ની ટકાવારીનું ધોરણ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ આ પ્રમાણે છે.

| અનામત જૂથ | અનામત પ્રવેશ અંગેની ટકાવારી | વિગત |
|---|---|---|
| SC | 7% | |
| ST | 15% | |
| SEBC | 27% | |
| Economically Weaker Section(EWS)(EBC) | 10% | ગુજરાત સરકાર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સુચના મુજબ |
| PH/DIVYANG | 3% (દરેક અનામત જુથમાં) | વિકલાંગ ધારા મુજબ |

4. અનામતના તમામ નિયમો મેરીટ યાદીના પ્રસિધ્ધ થવાના દિવસે અમલમાં હશે તે જ લાગુ પડશે.
5. મેરિટની ગણતરી માટે ધોરણ-12 ના કુલ માર્ક્સ (થિયરી અને પ્રેકટીકલ) ધ્યાને લેવામાં આવશે.
6. વર્ષ-2020 પહેલા પાસ થયેલા વિદ્યાર્થીના વર્ષ દીઠ 5 (પાંચ) માર્ક્સ ઓછા કરીને મેરિટ ગણવામાં આવશે.
7. મેરીટમાં સમાવેશ થતા વર્ષ-2020 પહેલાનાં વિધાર્થીઓએ 20 રૂ. ના સ્ટેમ્પ પેપર પર એફીડેવીટ રજુ કરવાનું રહેશે.
8. ગુજરાત બોર્ડ સિવાયના પ્રવેશાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટીફિકેટ રજૂ કરવાનું રહેશે.

# પ્રવેશાર્થીઓ માટેની સુચના

1. પ્રવેશ માટેના ઓનલાઈન ફોર્મમાં માહિતી સમજી વિચારીને કાળજીપૂર્વક ભરી સંપૂર્ણ ચકાસણી કરીને સબમિટ કરવી. જો ભરેલી માહિતી ખોટી નીકળશે કે ગેરમાર્ગે દોરે એવી ધ્યાને આવશે તો આપની ઉમેદવારી આપોઆપ રદ્દ થશે અને પ્રવેશ મળશે નહિ. જો માહિતી ખોટી ધ્યાને આવશે તો આપના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને આપનો પ્રવેશ રદ કરવામાં આવશે.
2. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ અત્રેની કોલેજ ખાતે ફોર્મ જમા કરવા આવવાનું નથી પરંતુ મેરીટમાં સમાવેશ થયા બાદ જે તારીખે હાજર રહેવાનું કહેવામાં આવે ત્યારે આ કોલેજ ખાતે જરૂરી આધારો(ઓરિજિનલ અને ઝેરોક્ષ) સાથે ઉપસ્થિત થવાનું રહેશે.
3. ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તારીખ બાદ ઓનલાઈન આવેલ તમામ અરજીનું લીસ્ટ અત્રેની કોલેજની વેબસાઈટ પર તારીખ-25/06/2020 ના રોજ ઓનલાઈન મુકવામાં આવશે તેમજ નોટીસબોર્ડ પર પણ મુકવામાં આવશે.(આવેલ તમામ અરજીનું લીસ્ટ સમજવું, મેરીટ લીસ્ટ ન સમજવું.)
4. ઓનલાઈન અરજી કરવા છતાં પ્રથમ લીસ્ટમાં (પ્રવેશ માટે આવેલ તમામ અરજીનું લીસ્ટ, જે મેરીટ લીસ્ટ નથી.) જેનું નામ આવેલ ન હોય તો તારીખ-27/06/2020 સુધીમાં અરજી કર્યાના જરૂરી આધારો સાથે સમય સવારે 11.00 થી બપોરે 01.00 સુધીમાં રૂબરૂ આવવાનું રહેશે.
5. નક્કી કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ કેટેગરીવાઈઝ મેરીટ લીસ્ટ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવશે જે ચેક કરતા રહેવાનું રહેશે. અને જેનો મેરીટમાં સમાવેશ થયેલહોય તેઓએ જણાવેલ તારીખે ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે આવવાનું રહેશે. જેઓ જણાવેલ તારીખે ડોકયુમેન્ટ વેરિફિકેશન માટે ઉપસ્થિત નહિ થાય તેઓને પ્રવેશ મેળવવાનો નથી એવું માની તેનું નામ રદ થશે.
6. ડોકયુમેન્ટ વેરિફિકેશન સમયે તમામ ઓરીજીનલ ડોકયુમેન્ટ સાથે લાવવાના રહેશે. કોઈડોકયુમેન્ટ ખૂટતા હશે તો પ્રવેશ રદ થવાને પાત્ર થશે. તેમજ પછીથી કોઈ ડોકયુમેન્ટ સ્વીકારવામાં આવશે નહિ.
7. ડોકયુમેન્ટ વેરિફિકેશન થયા બાદ તે જ દિવસે સત્ર ફી ભરવાની રહેશે.
8. જેઓના એડમિશન નક્કી થાય તેઓએ ધોરણ- 12 ની અસલ માર્કશીટ જમા કરાવવાની રહેશે. જ્યાં સુધી યુનિવર્સિટીમાંથી એનરોલમેન્ટ નંબર ન આવે ત્યાં સુધી માર્કશીટ પરત કરવામાં આવશે નહિ, જેથી માર્કશીટની વધુ પ્રમાણમાં ઝેરોક્ષ કરાવીપોતાની પાસે રાખવાની રહેશે. વધુમાં પ્રવેશ રદ કરવાના સમયે જ માર્કશીટ પરત મળી શકશે.

9. મેરીટ લીસ્ટમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવાની સંપૂર્ણ જવાબદારી પોતાની રહેશે. જો નિયત સમયમર્યાદામાં પ્રવેશ મેળવશે નહિ કે સત્ર ફી ભરશે નહિ તેમનું આપોઆપ મેરીટલીસ્ટ માંથી નામ રદ થશે અને ત્યારબાદ બીજું નવું મેરીટલીસ્ટ તૈયાર થશે તેનો પ્રવેશ માટેનો કોઈ હક્કદાવો રહેશે નહિ.

10. પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી પ્રવેશ અંગેની સુચના આ કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવે તે ચેક કરતા રહેવાનું રહેશે. આ અંગે કોઈ વિદ્યાર્થીને મેસેજ કે ફોન કરવામાં આવશે નહિ.

પ્રિન્સીપાલ,
શ્રી એમ.પી. શાહ આર્ટ્સ & સાયન્સ કોલેજ,
સુરેંદ્રનગર